# ન્યાયિક સક્રિયતાવાદ

ચાવડા પ્રભા સામતભાઈ

વિધાર્થી,પીએચ.ડી. (કાયદાશાસ્ત્ર)

હેમચંદ્રચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સારાંશઃ–**

ભારતના શાસનમાં મુખ્ય ત્રણ આયામો છે. સંસદ , કારોબારી તથા ન્યાયતંત્ર. સંસદ કે જે કાયદો બનાવે છે, વહીવટી તંત્ર તેને અમલમાં મુકે છે, જયારે ન્યાયતતંત્ર વ્યવહારુ રૂપે જીવન સાથે જોડે છે. સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર એ પોત પોતાના કાર્યક્ષેત્રમાં રહીને કામ કરવું જરૂરી છે. જયારે સંસદ અને કારોબારી પોતાની વિશ્વનીયતા ગુમાવે છે અથવા પોતાનું કામ કરવામાં નિષ્ફળ નિવળે છે ત્યારે ન્યાયતંત્ર વધુ સક્રિય બનતુ જોવા મળે છે, સંસદ અને કારોબારીના કામમાં હસ્તક્ષેપ કરતું જોવા મળે છે. આ હસ્તક્ષેપ સામાજિક બદલાવનો આધાર બને છે, તો કયારેક સમાજનો તથા રાજકારણના વિરોધ્ધ નો સામનો કરવો પડે છે.

**ન્યાયિક સક્રિયતાવાદ ની શરૂઆતઃ–**

ન્યાયક સક્રિયતાવાદની શરૂઆત કરનાર કે પાયો રાખનાર Arthur Schlesinger હતા. જયારે ભારતમાં ન્યાયિક સક્રિયતાવાદનો વિકાસ ૧૯૭૦માં જસ્ટિસ ક્રિષ્ન ઐયર , જસ્ટિસ પી.એન. ભગવતી, જસ્ટિસ ઓ. ચીન્નપ્પા રેડી અને જસ્ટિસ ડી.એ. દેસાઈ ના સમયમાં થયુ છે તેમ કહેવું પણ ખોટુ નહી ગણાય. ૧૯૭૦ થી ૨૦૦૦ ના સમય ગાળા માં ન્યાયિક સક્રિયતાવાદનો ઉપયોગ કેદીઓના માનવ અધિકારો અને પર્યાવરણ સંરક્ષણ જેવા અનેક ચુકાદાઓમાં થયેલ હતો.

**ન્યાયિક સક્રિયતાવાદ એટલે શું:–**

ન્યાયતંત્ર પોતાની પરંપરાની બહાર જઈ ને કારોબારી અને સંસદના કાર્યોમાં જનહિતની દ્રષ્ટિએ હસ્તક્ષેપ કરવામાં આવે તેને ન્યાયિક સક્રિયતાવાદ કહેવામાં આવે છે.

સંવિધાનની અંદર મુળભુત અધિકારના રક્ષણ કરવાની જવાબદારી સર્વોચ્ચ અદાલતની છે એટલે કે નાગરિક પોતાના મુળભુત અધિકારોના હનન બદલ સર્વોચ્ચ અદાલતના ધ્વારને ખખડાવી શકે છે, પરંતુ કાયદાની અટપટી ભાષા અને લોકોની અજ્ઞાનતા લોકોને ન્યાયલય સમક્ષ રજુ કરી શકતી હતી નહી. તદઉપરાંત જે લોકોને અન્યાય થયો છે તે ન્યાય મેળવવા અદાલત સમક્ષ હાજર થઈ શકે તેથી પણ લોકો પોતાને થતા અન્યાય સામે ન્યાય મેળવી શકતા નહોતા જેથી રાજયની અંદર કાયદાનું શાશનને પ્રસ્થાપિત કરી શકાતુ ન હતુ. પરંતુ આઝાદીના અઢી દાયકા બાદ જષ્ટીસ પી.એન. ભગવતી અને જસ્ટીસ ક્રીષ્નન ઐયરે સંવિધાનના રચયીતાઓ ધ્વારા આર્ટીકલ ૩૨ અને ૨૨૬ અંર્તગત મુળભુત અધિકારના હનન બદલ તેના રક્ષણની જવાબદારી જે અનુક્રમે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટને આપેલ છે તેના અર્થઘટનને વિસ્તૃત કર્યો અને લોકસ સ્ટેન્ડીંગ એટલે કે ઉભા રહેવાના અધિકારને થોડા વધુ હળવા બનાવી નહી માત્ર તે જ વ્યકિત કે જે અન્યાયનો ભોગ બને છે, પરંતુ તેના વતી જાગૃત નાગરિકો , જાગૃત વકીલો , સામાજીક સંસ્થાઓ , બીન સરકારી સંસ્થાઓ વગેરે તેમના વતી ન્યાયલય સમક્ષ ન્યાયની દાદ મેળવવા ઉભા રહેવા જોવા મળ્યા અને સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશકૃત નીર્ણયોને આર્ટીકલ ૧૪૧ અંર્તગત કાયદાના અર્થઘટનનો ભાગ ગણી જે પરીવર્તનો લાવવા માં આવ્યા તેનાથી ખરા અર્થની અંદર પ્રજાસતાક રાષ્ટ્રની સ્થાપના કરી શકાય છે. નીચેના કેસોથી ફળીભુત થાય છે જેમા સમાજના મુળભુત પ્રશ્નોને ઝડપથી અને નિર્દેશાત્મક રીતે નિર્ણયો આપતા તે માર્ગદર્શક કેસો તરીકે આજે અસ્તિત્વ ધરાવે છે.

**નરગીઝ મીરઝા વિરુધ્ધ એર ઈન્ડિયાઃ–**

સ્ત્રીઓના અધિકારને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત કેસમાં સ્ત્રીએ માતૃત્વ ધારણ કરવુ એ તેનો મૌલિક અને મુળભુત અધિકાર છે, પરંતુ અહી તેને જો નોકરી અથવા સંસ્થા સાથે જોડાઈ રહેવું હોય તો લગ્ન અને પ્રજોત્પતિ કાર્યો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જે સ્ત્રીના અધિકાર પર તરાપ સમાન હતો. તેથી અહી કોઈ પણ સ્ત્રી કોઈપણ સમયે માતૃત્વ ધારણ કરી શકે છે, તેમજ તેને લઈને તેની નોકરી પર કોઈપણ ગંભીર અસર થવી જોઈએ નહી, તેમજ તેમને તબીબી સારવાર માટે પણ પુર્ણ અવકાશ અને સમય આપવાનો રહેશે.

**બંધવા મુકિત મોરચા વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[૧]**

પ્રસ્તુત કેસની અંદર દિલ્હી ખાતે એશીયાડ રમતોત્સવ માટે રમતના મેદાન તૈયાર કરવામાં આવતા હતા. જેમા બાળકોનુ મજુરો તરીકે જોખમી કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવતા હતા . મુળભુત સંસ્થાએ બિનસરકારી સ્વૈચ્છીક સંગઠન હતું, જે વ્યકિતઓના અધિકારો અને હિતો માટે કામ કરતું જોવા મળતું હતું. તેમને આ બાળકો વતી અનુચ્છેદ ૩૨ ના ઉપયોગથી સર્વોચ્ચ અદાલત સમક્ષ ન્યાયની દાદ માંગી જેના ચુકાદા બદલ આ મજુરી માંથી બાળકો તત્કાલ મુકત કરવા તેમજ તેમના મફત શિક્ષણની અને સ્વાસ્થ્યની તપાસ કરીને તેમને યોગ્ય વળતર સાથે મુકત કરવા. આ કેસને માર્ગદર્શક કેસ તરીકે ગણવામાં આવે છે. ત્યારબાદ કોઈપણ સંસ્થા ઓદ્યોગિક કાર્યમાં બાળકોનો જોખમી કાર્યોમાં મજુર તરીકે ઉપયોગ ગેરકાયદેસર ગણવામાં આવે છે અને મુળ માલિક સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

**શીલા બોરસે વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા**

પ્રસ્તુત કેસની અંદર રીટ દાખલ કરનાર વ્યકિત એક દૈનિકના પત્રકાર હતા, જેઓએ દીલ્હી શહેરની જેલની મુલાકાત લેતા જેલની અંદર ૧૮ વર્ષથી નીચેની ઉમરના બાળકોને ગેરકાયદેસર રીતે ધરપકડ કરીને રાખેલ હતા. આ બાબતની જાણ થતાં આ બાળકોને તુરત જ મુકત કરવા અને ભોગ બનનાર દરેક બાળકને રૂા ૧૦,૦૦૦/– વળતર સાથે મુકત કરવાનો આદેશ કોર્ટ ધ્વારા આપવામાં આવે હતો.

તદઉપરાંત ન્યાયિક સક્રિયતાવાદની અંદર સરકારી કામોમાં ઉચાપત કરી પ્રજાકલ્યાણના કાર્યોમાં વિલાસ દાખવનાર અધિકારીઓ તેમજ રાજકીય નેતાઓ પર પણ ન્યાયિક સક્રિયતાવાદ અંર્તગત જુદા જુદા સમયે જુદીજુદી બાબતોથી રીટો દાખલ કરવામાં આવેલ છે, અને આ રીટો પર ગંભીરતાથી સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટ પર કાર્યવાહી કરી ગુન્હાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવે છે. જેમકે ભારતના તાત્કાલિક પ્રધાનમંત્રી પી.વી નરસિંહરાવ ની ધરપકડ કરવામાં આવી. તેવી જ રીતે બિહારના તત્કાલિન મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવની ધરપકડ કરવામાં આવી . તેવીજ રીતે કાયદાની મર્યાદામાં રહીને બંધારણમાં આપેલી સતાની અંકુશ રેખા હેઠળ જે પણ અધિકારો આપવામાં આવે છે તે અધિકારોનો ઉપયોગ શાશનકર્તા અને પદાધીકારીઓ ધ્વારા યોગ્ય કાર્યદક્ષતા ના ઉપયોગ થાય તે હેતુથી ઘણી વખત મેગેઝીન, અખબાર , ટી.વી. રેડીયો વગેરે જેવા પ્રસાર પ્રચારના માધ્યમો ધ્વારા જે પણ ક્ષતિ ગ્રસ્ત અથવા તો કાર્ય વિલંબિતા કે ભ્રષ્ટાચાર કે આપખુદશાહીના બનાવો પ્રકાશમાં આવતા તેની ગંભીરતાને ધ્યાને લઈ અદાલતે સ્વયંભૂ "Suo Moto Action" તેમની પર કાર્યવાહી કરવાની સતાનો પણ ઉપયોગ કરતી જોવા મળી છે, જે ગરીબ અને અજ્ઞાન વ્યકિતઓ માટે આર્શીવાદ સમાન બનેલ છે. જેમાં મુંબઈ ના જાહેર માર્ગો પર રહેઠાણ કરતા વ્યકિતઓને યોગ્ય જગ્યાએ ખસેડવા, બાળમજુરી અને દેહવ્યાપાર માટે દેશના ગરીબ અને દુરના વિસ્તાર માંથી બાળકોના અને સ્ત્રીઓનાં હેરફેરને અટકાવવા તેમજ શહેરોમાં વસતા ઓદ્યોગિક વિસ્તારની અંદર રહેતા લોકોનું જીવન સ્તરને ઉચે લાવવાની ઘટનાઓ નોંધપાત્ર છે.

વર્તમાન સમયની અંદર શબરીમાલા મંદિરમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાને તોડી ૧૦ વર્ષથી ૫૦ વર્ષની સ્ત્રીઓન મંદિર મા પ્રવેશ અંગેનો નિર્ણય તથા ભારતીય ફોજદારી ધારા ની કલમ ૩૭૭ મા આપેલ સમલૈગીકતા ના સબંધને અપરાધ માનવામાં આવશે નહી, પરંતુ સમલૈગીક સબંધને સર્વોચ્ચ

૧. ૧૯૮૪ એ.આઈ.આર. એસ.સી. ૮૦૨

અદાલત ધ્વારા માન્યતા આપવામાં આવેલી છે. આ ઉપરાંત કલમ ૪૯૭ વ્યાભીચાર એ અપરાધ માનવામાં આવતો પરંતુ અદાલતે વર્તમાન સમયની અંદર અપરાધની શ્રેણી થી બહાર કર્યો છે.

**ન્યાયિકસક્રિયતા વાદના હકારાત્મક કારણો**

- લોક કલ્યાણકારી રાજયની સ્થાપના કરવાનો ઉદેશય
- જનતાના મૌલિક અધિકારના રક્ષણ માટે
- જનતાને ન્યાયતંત્ર પર વધુ વિશ્વાસ છે.

**ન્યાયિક સક્રિયતાવાદના નકારાત્મક કારણોઃ–**

- ન્યાયતંત્ર અને સંસદ વચ્ચેનો ટકરાવ વધી જાય છે.
- ન્યાયતંત્રના વિશેષજ્ઞતાના અભાવના કારણે આપેલ નિર્ણયની અવહેલના થાય છે.
- અનઆવશ્યક રીતે હસ્તક્ષેપ કરવાથી સંવૈધાનીક સંકટ ઉભુ થાય છે.

**ઉપસસંહારઃ–**

ભારત મોટો લોકશાહી દેશ છે, અદાલતોની ન્યાયિક સક્રિયતાની સાથે નાગરિકોની સક્રિયતાની પણ તાતી જરૂર છે. સજાગ અને ક્રિયાશીલ નાગરિકોએ જાહેર હિતની અરજીઓ ધ્વારા ઘણી બધી સમસ્યાઓનું અદાલતો તરફ ધ્યાન ખેંચયું છે, જેમકે, પર્યાવરણ, માનવ અધિકાર, કેદીઓના અધિકારો, કેદીઓ પ્રત્યેના દુવ્યવહારો, સ્ત્રીઓ તરફ અમાનુષી વર્તન વગેરે બાબતો....

લોકશહીના માળખામાં મધ્યમ વર્ગ ના લોકો ધ્વારા નાગરિક સક્રિયતાના ઉતમ ઉદાહરણો પુરા પાડવામાં આવ્યા છે. તે થી જ કહેવાય છે કે મધ્યમ વર્ગના લોકોની નાગરિક સક્રિયતા ધ્વારા સમૃધ્ધ , આથિક લોકશાહી રચનાને ટકાવી શકાય છે.

કેટલીક વખત રાજકારણ ધ્વારા ન્યાયિક સક્રિયતા સામે અણગમો દર્શાવવામાં આવે છે. સર્વોપરી અદાલતમાં રૂઢિચુસ્ત વલણો કે વિચારશરણી ધરાવતા ન્યાયવિદોને નીમવામાં આવે છે. નાગરિક સક્રિયતા ધ્વારા જો નાગરિક તેમના અધિકારો સ્વતંત્રતા અને સલામતી અંગે જાગૃત થાય તો જ લોકશાહી નો મુજબત પાયો રચી શકાય છે.

**સંદર્ભ સુચિઃ–**

૧) ભારતીય સંવિધાનનો કાયદો. વિપુલ આર. દેસાઈ. શ્રીજી લો હાઉસ, અમદાવાદ.

૨) ભારતીય ફોજદારી ધારો